# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૭/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ ૨૬૪૧ - ૩    તારીખ : 17-08-23

**રજી. એડી. પત્ર**

**પ્રતિ,**
**શ્રી ફતેમામદભાઇ અલાવદીભાઇ વકાલીયા**
**કોઠારિયા,**
**મું. પો. : કોઠારિયા, તા. : વાંકાનેર, જી. : મોરબી,**
**પીન કોડ. : ૩૬૩૬૨૧**
મોબાઈલ : [illegible]

**વિષય :** વિજઅધિનિયમ ૨૦૨૩ કલમ ૧૩૫ હેઠળ નોધાયેલ વીજચોરીના ગુના અંગેના પુરવણી બીલ તથા રિ કનેક્શન માટે આવેલ ના આધાર પુરાવા અંગે.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૧૭-૦૭-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૭/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વી.કં.લી.. રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઇજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.**

**(૨) કાર્યપાલક ઇજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી-૨.**
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં. ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઇજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વીરપર ઇન્ડ મોરબી.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૭/ક્વા-૨/૨૩-૨૪/ ૨૯૪૧-૩ તા. ૧૭-૦૮-૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૦૭/ક્વા-૨/૨૩-૨૪, તા.૧૯-૦૭-૨૦૨૩

અરજદાર : શ્રી ફતેમામદભાઈ અલાવદીભાઈ વકાલીયા, મુ: વીરપર ઇન્ડસ્ટ્રી

રજૂઆત કરનાર : અરજદાર કે તેના પ્રતિનિધિ હાજર રહેલ નથી

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - મોરબી-૨

રજૂઆત કરનાર : પીજીવીસીએલ પક્ષકાર તરફથી કોઈ હાજર રહેલ નથી.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૦૩.૦૮.૨૦૨૩ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૩.૦૮.૨૦૨૩ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ફતેમામદભાઈ અલાવદીભાઈ વકાલીયા ટંકારા પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં. ૩૪૬૬૪/૦૦૨૬૩/૭ થી અને ત્યારબાદ વીરપર ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીમાં ગ્રાહક નં. ૬૨૬૬૪/૦૦૨૬૩/૫ થી વીજકનેક્શન ધરાવે છે.

૨.૧ વિજઅધિનીયમ ૨૦૦૩ ની કલમ હેઠળ વિજકચેરી ટંકારા દ્વારા વિજચોરી અંગેનો દંડ વર્ષ-૨૦૨૨ માં અપાયેલ જેની રકમ તા.૨૪.૦૩.૨૦૨૨ ના રોજ રસીદ નં V.J. ૦૮૯૪૨૪ તથા ૦૮૪૨૫ અને ૦૮૯૪૨૬ થી સંપુર્ણ ભરપાઇ કરાયેલ છે.

૨.૨ તદઉપરાંત વિજચોરી અંતર્ગત વિજકચેરી દ્વારા લઇ ગયેલ વીજમીટર ફરીથી મુકવા માટેનો ચાર્જ તા.૨૪.૦૩.૨૦૨૨ ના રોજ રસીદ નં. V.J. ૦૮૯૪૨૭ થી રકમ રૂ.૧૧૮=૦૦ ભરપાઇ કરેલ તેમછતા આજદિન સુધી વિજકચેરી દ્વારા વિજમીટર સ્થળ પર મુકવામાં આવેલ નથી.

૨.૩ તા.૦૯.૦૩.૨૦૨૩ ના રોજ વિજકચેરી દ્વારા અરજદારના ઘરે વિજચેકિંગ કરી રૂ.૨૪૯૦૭=૫૬ નો કલમ-૧૩૫ હેઠળ વિજચોરી અંગેનો દંડ કરવામાં આવેલ, આમ અરજદાર દ્વારા વીજમીટર ફરીથી મુકવાનો ચાર્જ ભરવા છતા ગેરકાયદેસર રીતે વિજચોરી અંગેનો દંડ આપવામાં આવેલ છે.

૨.૪ સદર બાબતે તા.૨૦.૦૪.૨૦૨૩ ના પત્રથી વિજકચેરી દ્વારા લેખિતમાં જણાવેલ કે પીજીવીસીએલ ના કર્મચારી રી-કનેકશન માટે આવેલ, પરંતુ પ્રિમાઇસીસ બંધ હોવાનું કારણ આપેલ છે જે બાબતે અરજદાર દ્વારા તા.૧૭.૦૫.૨૦૨૩ ના રોજ પ્રિમાઇસીસ બંધ હોવાના આધાર-પુરાવા માંગતા વિજકચેરી દ્વારા આધાર પુરાવા આપવાના બદલે સીધી લીગલ નોટીસ આપેલ છે અરજદારે વીજમીટર ફરીથી મુકવા માટેનો ચાર્જ તા.૨૪.૦૩.૨૦૨૨ના રોજ ભરપાઇ કરી આપેલ હોવા છતા આજદીન સુધી વિજકચેરી દ્વારા અરજદારના ઘરે વિજમીટર મુકેલ નથી જે વહેલી તકે મુકાવવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

૨.૫ અરજદારની લેખિત રજૂઆત તા.૦૫.૦૭.૨૦૨૩ મુજબ વર્ષ-૨૦૨૨ માં જયારે ટંકારા પેટા વિભાગીય કચેરી હતી ત્યારે તા.૨૪.૦૩.૨૦૨૨ ના રોજ સંપૂર્ણ વીજચોરીની રકમ ભરપાઈ કરેલ ત્યારબાદ પેટાવિભાગીય કચેરી દ્વારા વીજજોડાણ ચાલુ કરવા માટેની પ્રક્રિયા હાથ ધરેલ હતી, પરંતુ પ્રિમાઈસીસ બંધ હોવાને કારણે વીજજોડાણ ચાલુ થયેલ ન હતું, જે બાબતે તા.૧૭.૦૫.૨૦૨૩ ના રોજ પ્રિમાઈસીસ બંધ હોવાના આધારભૂત પુરાવા માંગેલ પરંતુ રેકર્ડ ટંકારા પેટાવિભાગીય કચેરી ખાતે હોય અમોને આ આધારભૂત પુરાવા કચેરી દ્વારા નિયત સમયમર્યાદામાં આપેલ ન હતા.

૨.૬ ત્યારબાદ પીજીવીસીએલની કચેરીની રૂબરૂ મુલાકાત લેતા સંપૂર્ણ આધારભૂત પુરાવા અમોએ જાત ચકાસણી કરેલ અને હવે અમોને વીજકંપની સામે કોઈ ફરિયાદ રહેતી નથી અને અરજદારને સંપૂર્ણ સંતોષપૂર્વક રજૂઆતના પ્રત્યુતર મળેલ છે અને આ બાબતે ભવિષ્યમાં હવે કોઈ ફરિયાદ રહેતી નથી. વધુમાં ફોરમમાં કરેલ ફરિયાદ અન્વયે અરજદાર દ્વારા નીચે મુજબ જણાવેલ છે "હું મારી સંપૂર્ણ સભાન અવસ્થામાં કોઈપણ જાતના દબાણ, વશમાં આવ્યા વગર પરત લેવા સહમત છું."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત પત્ર ....... મુજબ વીરપર ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરી હેઠળ ફતેમામદભાઈ અલાવદીભાઈ વકાલીયા ગ્રાહક નં. ૬૨૬૬૪/૦૦૨૬૩/૫ થી વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણ પુન: ચાલુ કરવા માટે તા.૨૪.૦૩.૨૦૨૨ ના રોજ જરૂરી નોધણી ફી ભરપાઈ કરેલ જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પ્રીમાઈસીસ બંધ હોવાને કારણે વીજજોડાણ ચાલુ કરેલ ન હતું જે અનુસંધાને અરજદારને રૂબરૂમાં વિગતવાર માહિતી આપતા અરજદારની ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થયેલ છે. વધુમાં અરજદારે દંડનીય વિજબીલની બાકી રકમ ભરપાઈ કરતા નિયમ અનુસાર અરજદારનું વીજજોડાણ પુન: ચાલુ કરી આપેલ છે. સદર બાબતે અરજદારની ફરિયાદનું નિરાકરણ થતા અરજદારની લેખીત સંમતી હેઠળ સમાધાન પત્ર તા. ૨૫.૦૮.૨૦૨૩ ના સહી કરી આપેલ છે જે ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી ફતેમામદભાઈ અલાવદીભાઈ વકાલીયા ટંકારા પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં. ૩૪૬૬૪/૦૦૨૬૩/૭ થી અને ત્યારબાદ વીરપર ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીમાં ગ્રાહક નં.

૬૨૬૬૪/૦૦૨૬૩/૫ થી વીજકનેક્શન ધરાવે છે. અરજદારની ફરિયાદ મુજબ તેવોનું પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વિજઅધિનીયમ ૨૦૦૩ ની કલમ હેઠળ વિજકચેરી ટંકારા દ્વારા વિજચોરી અંગેનો દંડ વર્ષ-૨૦૨૨ માં અપાયેલ જેની રકમ તા.૨૪.૦૩.૨૦૨૨ ના રોજ રસીદ નં V.J. ૦૮૯૪૨૪ તથા ૦૮૪૨૫ અને ૦૮૯૪૨૬ થી સંપુર્ણ ભરપાઇ કરાયેલ છે. ત્યાર બાદ વીજજોડાણ પુન: ચાલુ કરવા માટે તા.૨૪.૦૩.૨૦૨૨ ના રોજ રકમ રૂ.૧૧૮ ભરપાઈ કરેલ છે તેમ છતાં વીજજોડાણ ચાલુ કરેલ ન હતું સદર સમયગાળામાં ફરીથી તા.૦૯.૦૩.૨૦૨૩ ના રોજ વિજચેકીગ અન્વયે ૧૩૫ કલમ હેઠળ રૂ.૨૪૯૦૭.૫૬ નું બીલ આપેલ જે અન્વયે અરજદારે સમય મર્યાદામાં પીજીવીસીએલ દ્વારા વીજજોડાણ ચાલુ કરેલ ન હોય અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને વિગતવાર રૂબરૂમાં સમજાવેલ છે જે અન્વયે ફરિયાદી અરજદાર દ્વારા બાકી વિજબીલની રકમ તા.૨૫.૦૭.૨૦૨૩ ના રોજ નિયમ અનુસાર ભરપાઈ કરતા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ અરજદારનું વીજજોડાણ પુન: ચાલુ કરી આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૩ ઉપરોકત વિગતે અરજદારની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ હોવાથી અરજદારની લેખીત સહમતી હેઠળ સમાધાન પત્રમાં તા.૨૫.૦૭.૨૦૨૩ ના રોજ સહી કરી આપેલ છે, જે ફોરમ સમક્ષ રજુ કરેલ છે. આમ સદર કેસમાં ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી રહેતી ન હોય અરજદારની ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |